અરજી નં.૧૬૧/ ૦૮–૦૯ તા.૧૫–૯–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણની
સામાવાળાઃ  જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની  તા.૬–૮–૦૮ ની
અરજીથી  વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ અ.બ.ક. માં કઈ જગ્યા ઉપર પ્લીન સુધીનું
ગેરકાયદેસર બાંધકામ બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૯–'૦૮ ની અપીલ અરજી  નં.૧૬૧/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની  તા.૬–૮–૦૮ ની અરજીથી  વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ અ.બ.ક. માં કઈ જગ્યા ઉપર પ્લીન સુધીનું  ગેરકાયદેસર બાંધકામ બાબતે  આસી.કમિશ્નર અને જાહેર માહિતીઅધિકારી સેન્ટ્રલઝોનના  પત્ર નં.સ ઝોન/આ.૬૪૩ તા.૨–૯–૦૮ થી આપેલ માહિતી માંગ્યા મુજબ ન હોય તથા જવાબ  ગોળ ગોળ આપવામાં આવેલ  હોવાનું જણાવી  તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ  અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ  આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની  સ્પષ્ટતાસહ  પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૪ તા.૨૦–૯–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી  સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૯૧તા.૩–૧૦–૦૮  થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારને સે.ઝોન/આ.નં.૬૪૩ તા.૨–૯–૦૮ થી મુદ્દા નં.૧, ૨ અને ૫ થી ૭ નો આપવામાં આવેલ માહિતી બરાબર ન હોવાનું જણાવી અરજદારે અપીલ કરેલ છે. અરજદારને મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી આપેલ નથી કે ઈન્કાર પણ કરવામાં આવેલ નથી તેમજ તે અંગે અરજી તબદીલ પણ કરેલ નથી. મુદ્દા નં.૫ માં અરજદારની માંગ્યા મુજબની માહિતી હોય તેવું જણાતું નથી. જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૬ અંગે બાંધકામના પ્રકારની માહિતી આપેલ છે. મુદ્દા નં.૫ અંગે સદર જગ્યાથી પાળાના અંતરની માહિતી માંગેલ છે તેને બદલે માત્ર પશ્ચિમેની મર્યાદિત માહિતી પૂરી પડાયેલ જણાય છે. મુદ્દા નં.૨ અંગે ગેરકાયદે બાંધકામ દુર કેમ કરવામાં આવતું નથી? તેની કોઈ માહિતી અપાયેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને  લેતાં નીચે મુજબનો હુકમ કરી  અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૬–૮–૦૮ની અરજીથી  માંગ્યા  મુજબની  માહિતી  પૈકી  નહીં પૂરી પડાયેલ મુદ્દા  નં.૩ અને ૪ અંગેની માહિતી  તથા  મુદ્દા નં.૨  તથા ૫ અંગે રેકર્ડ  આધારીત  હકીકતલક્ષી  માહિતી  આરટીઆઈ એકટના  નિયમ  અને  જોગવાઈને  અનુસરી  કલમ–૭ (૬) હેઠળ  વિના મુલ્યે  અત્રેની  જાણ  હેઠળ અરજદારને  દિન–૭ માં પૂરી  પાડવા જાહેર માહિતી અધિકારી  સેન્ટ્રલ ઝોનને  જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો નિર્દિષ્ટ અવધિ દરમ્યાન જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય  મેળવી  કાયદા અને  નિયમની જોગવાઈ  અનુસાર  લાગત  ફાઈલનું ઈન્સ્પેકશન કરી શકે છે તેવી માંગણી  મળે  જાહેર માહિતી અધિકારીએ  તે  મુજબ ઈન્સ્પેકશન પુરું પાડી અમલવારીની વિગત અત્રે  જણાવવાની રહેશે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ :     –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,